નવગુજરાત સમય, પાના નંબર :- ૦૨

તારીખ :- ૨૨/૦૪/૨૦૨૬

# અમદાવાદ મેટ્રો: કેશવનગર સ્ટેશન હવે તૈયાર...

નવગુજરાત સમય



અમદાવાદના સાબરમતી વિસ્તારના રહીશો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા, તે કેશવનગર મેટ્રો સ્ટેશન હવે લગભગ તૈયાર થઈ ગયું છે. હાલમાં સ્ટેશન પર આખરી ઓપ આપવા માટે રંગરોગાન અને સુશોભનનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આધુનિક સુવિધાઓથી સજ્જ આ સ્ટેશન આગામી થોડા જ દિવસોમાં મુસાફરો માટે ખુલ્લું મૂકવામાં આવશે, જેનાથી સ્થાનિક કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. મેટ્રોના આગમન સાથે કેશવનગર અને તેની આસપાસના વિસ્તારોમાં મુસાફરી વધુ ઝડપી, સુરક્ષિત અને આરામદાયક બનશે. -તસવીરઃ **જિજ્ઞેશ વોરા**